GJGS020008272022

Presented on : 09-03-2022
Registered on : 09-03-2022
Decided on : 18-03-2026
Duration : 09D-00M-04Y

**IN THE COURT OF**
**4th ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M. AT ,GIR SOMNATH**
**(Presided Over by H.J. VASAVDA)**

**CC/649/2022**
**Exhibit No.38**

**FORM - A**

| ગીર સોમનાથ વેરાવળના મહે. ચોથા એડીશનલ સીનીયર સિવિલ જજ અને એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ – વેરાવળ. (હીરેન જીતેન્દ્રભાઇ વસાવડા) ચોથા એડીશનલ સીનીયર સિવીલ જજ અને એડી. ચીફ જયુડી.મેજી., વેરાવળ. (કોડ નં. જીજે–૦૧૩૮૬)ચુકાદાની તારીખ :– ૧૮/૦૩/૨૦૨૬ ક્રિમીનલ કેસ નં. ૬૪૯/૨૦૨૨ | |
|---|---|
| ફરીયાદી | ઇરફાનભાઇ રહેમાનભાઇ મુગલ, ઉ.વ.આ.૩૬, ધંધો– વેપાર, રહે. ઠે. લાબેલા રોડ, સ્ટાર એપાર્ટમેન્ટ, શબાના સ્કુલની સામે, ૪ થા માળે, બ્લોક નં. ૨૦, તા.વેરાવળ જી.ગીરસોમનાથ. |
| ફરીયાદપક્ષે વકીલશ્રી | કે.એચ.રાઠોડ |
| આરોપી | નુરમહમદ અબ્દુલગફાર પઠાણ, તે સા/ઓ. અબ્દુલગફાર ઇબ્રાહીમ પઠાણ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.મુંબઇ, ઠે. વ્હાઇટ ગેસ્ટ હાઉસ, સેકન્ડ ફલોર, ૩૪/૩૬, જકરીયાશેરી,ભીસ્તી મહોલ્લા, મુંબઇ |
| આરોપીપક્ષે વકીલશ્રી | એ.બી.વૈચાટા |

**FORM - B**

| | |
|---|---|
| બનાવની તારીખ | – |
| એફ.આઇ.આર. તારીખ | – |
| ચાર્જશીટ કર્યા તા. | – |
| આરોપીનો જવાબ લીધા તા. | ૧૫/૦૪/૨૦૨૫ |
| પુરાવો ચાલુ થયા તા. | ૧૫/૦૪/૨૦૨૫ |
| ચુકાદો અનામત રાખ્યા તા. | ૧૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદા તા. | ૧૮/૦૩/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તા. | ૧૮/૦૩/૨૦૨૬ |

| આરોપી નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | સજા | સી.આર.પી.સી.કલમ – ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **નુરમહમદ** | | | નેગો | **તકસીરવ** | **૧ વર્ષ** | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | **અબ્દુલગફાર પઠાણ, તે સા/ઓ. અબ્દુલગફાર ઈબ્રાહીમ પઠાણ, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.મુંબઈ, ઠે. વ્હાઈટ ગેસ્ટ હાઉસ, સેકન્ડ ફલોર, ૩૪/૩૬, જકરીયાશેરી, ભીસ્તી મહોલ્લા, મુંબઈ** | | | શી એબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબ | **◌ાન** | | |

**FORM - C**

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે/ કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ./ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ**

| ક્રમ | આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| P.W.૧. | ૦૫ | ઈરફાનભાઈ રહેમાનભાઈ મુગલનું સરતપાસનું સોગંદનામું | ફરીયાદી |

**<u>બી. બચાવપક્ષે સાહેદ લીસ્ટ</u>**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| - - | - - | - - |

**<u>સી. કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ</u>**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| - - | - - | - - |

**ફરીયાદપક્ષે / બચાવપક્ષે/ કોર્ટ પક્ષે આંક :**

**<u>એ./ફરીયાદપક્ષે આંક :</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૪ | આરોપીએ આપેલ વાદવાળો ચેક નં. ૧૬૦૩૮૧ |
| ૨. | ૨૫ | ચેક રીટર્નમેમો |
| ૩. | ૨૬ | ચેક રીટર્નમેમો |
| ૪. | ૨૭ | ચેક રીટર્નમેમો |
| ૫. | ૨૮ | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત |
| ૬ | ૨૯ | સદરહું નોટીસ રજી. એડી.થી કર્યાની પહોંચ |
| ૭. | ૩૦ | આરોપીને મોકલેલ નોટીસ નહી સ્વીકારતા પોસ્ટ ખાતાના રીફ્યુઝના શેરા સાથે પરત આવેલ કવર |
| ૮. | ૩૧ | આરોપીને મોકલેલ નોટીસનું અસલ કવર પરત આવેલ છે તે અંગેનું પોસ્ટ ખાતાનું ટ્રેક રેકર્ડની સ્થળપ્રત |

<u>બી. બચાવપક્ષે આંક **:**</u>

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – – | – – | – – |

<u>સી. કોર્ટ પક્ષે આંક **:**</u>

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| – – | – – | – – |

<u>કબજે કરેલ મુદામાલ :</u>

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| – – | – – | – – |

**Offence punishable under section : 138 with of NEGOTIABLE INSTRUMENTS ACT, 1881 & Section 357 of C.R.P.C ,1973**

## –:: ચુકાદો ::–

(૧). ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:– ફરીયાદી આતીફ સી કુડના નામ. મચ્છીનો વેપાર કરે છે અને આરોપી પણ આ ધંધા સાથે સંકળાયેલ હોય જેથી આરોપી અને ફરીયાદી વચ્ચે મિત્રતાના સબંધો બંધાયેલ અને આરોપી ફરીયાદી પાસેથી હાથ ઉછીની ઉધાર રકમ લઇ જતા અને પરત આપી જતા હતા. છેલ્લે એટલે કે, તા. ૨૭/૧૧/૨૦૨૧ ના રોજ આરોપી ફરીયાદી પાસેથી હાથ ઉછીની ઉધાર રકમ રૂા. ૫,૩૭,૫૦૦/– અંકે રૂપીયા પાંચ લાખ સાડત્રીસ હજાર પાંચસો પુરા એક માસની મુદત માટે આરોપીએ પોતાના ધંધાના વિકાસ માટે જરૂરીયાત હોવાથી ફરીયાદી પાસેથી રોકડા ઉછીના લઇ ગયેલ અને ફરીયાદીને તા. ૦૬/૧૨/૨૦૨૧ નારોજ ફરીયાદીના નામજોગનો ફરીયાદી સામે રૂબરૂ સહી કરી યુનીયન બેંક ઓફ ઇન્ડીયા નલ બજાર મુંબઇ શાખાનો ચેક નં. ૦૫૨૪૨૨ નો આપેલ જે મુદત વિત્યે તા. ૦૬/૧૨/૨૦૨૧ ના રોજ ફરીયાદીએ પોતાના ખાતાવાળી બેંક એકસીસ બેંક વેરાવળ શાખામાં જમા કરાવતા ફરીયાદીના બેન્કરે આરોપીના બેંન્કરને કલીયરીંગ અર્થે મોકલતા આરોપીના બેન્કરે ફરીયાદીના બેન્કરને તા. ૦૭/૧૨/૨૦૨૧ ના રોજ આરોપીનો ચેક કારણ નં. ૧ મુજબ ફંડ ઇનસફીશીયન્ટના શેરા સાથે પરત કરેલ. આમ ફરીયાદીને ચેક મુજબની રકમ મળી શકેલ નહી. ત્યારબાદ ફરીયાદીએ આરોપીને ફોન કરીને ચેક રીટર્ન થયા અંગેની વાત કરતા આરોપીએ જણાવેલ કે,'' મારુ પેમેન્ટ અન્ય જગ્યાએ રોકાયેલુ છે તે બે ચાર દિવસમાં કલીયર થયે તમોને હું ફોન કરીશ બાદ તમો ચેક જમા કરાવશો તો તમોને ચેક મુજબની રકમ મળી જશે'' જેથી આરોપીનો ફોન મુદત વિત્યા છતા ન આવતા ફરીયાદીએ ફરી વખત આરોપીનો

ચેક તા. ૧૧/૦૧/૨૦૨૨ ના રોજ પોતાના ખાતાવાળી બેંક એકસીસ બેંક વેરાવળ શાખામાં ભરણા અર્થે રજુ કરતા આરોપીનો અસલ ચેક ફરીયાદીના બેન્કરે તેમના બેંકમાં કલીયર અર્થે મોકલતા, આરોપીના બેન્કરે ફરીયાદીના બેન્કરને આરોપીનો અસલ ચેક તથા ચેક રીટર્નમેમો બીજી વખત તા. ૧૨/૦૧/૨૦૨૧ નારોજ વગર વસુલાતે પરત ફરેલ. આમ ફરીયાદીને નાણાં મળેલ નહી. જેથી ફરીયાદીને ત્રીજી વખત ફોન કરેલ અને જાણ કરેલ કે, તમારો ચેક આ બીજી વખત પણ રીટર્ન થયેલ છે તો આરોપીએ જણાવેલ કે, મારુ પેમેન્ટ અટકાયેલ છે હુ તમોને ફોન કરીશ અને ત્યારબાદ ફરીયાદીએ આરોપીનો ચેક ત્રીજી વખત પોતાની બેંકમાં તા. ૦૩/૦૨/૨૦૨૨ ના રોજ જમા કરાવવા અર્થે રજુ કરતા આરોપીનો ચેક ત્રીજી વખતે છેલ્લે ૦૪/૦૨/૨૦૨૨ ના રોજ ચેક તથા ચેક રીટર્નમેમો કારણ નં. ૧ ફંડ ઇનસફીશીયન્ટ શેરા સાથે પરત ફરેલ અને ચેક મુજબના નાણાં મળેલ નહી. જેથી ૦૮/૦૨/૨૦૨૨ ના રોજ રજી.એડી.મારફત નોટીસ મોકલાવેલ જે નોટીસ આરોપીએ રીફ્યુઝના શેરા સાથે તા. ૧૪/૦૨/૨૦૨૨ ના રોજ પરત કરેલ જેની જાણ ફરીયાદીને તા. ૧૮/૦૨/૨૦૨૨ ના રોજ થયેલ. આમ આરોપીએ જાણી જોઇને નોટીસ સ્વીકારેલ નથી તેમજ ચેક મુજબની રકમ ચુકવેલ નથી. આમ આરોપીએ ચેક મુજબના નાણા ફરીયાદીને ચુકવેલ નથી. જેથી ફરીયાદીને હાલની ફરીયાદ લાવવા કારણ ઉપસ્થિત થયેલ હોય જેથી ફરીયાદી દ્રારા હાલની ફરીયાદ દાખલ કરી આરોપીએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત, છેતરપીંડીનો ગુન્હો તેમજ નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોય આરોપીને સજા કરવા તેમજ ચેકની રકમ મુજબ બમણી રકમનો દંડ વસુલ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૨) કોર્ટ કાર્યવાહી:–**

ત્યારબાદ આ કામે ફરીયાદીનું વેરીફીકેશન નોંધવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના આક્ષેપો સબબ સમન્સ ઇસ્યુ કરતા,

આરોપીને સમન્સની ધોરણસરની બજવણી થતા, તેઓ તેમના વિ.વ.શ્રી મારફત નામદાર કોર્ટમાં હાજર થયેલ હોય, સી.આર.પી.સી.કલમ– ૨૦૭ અન્વયે ફરીયાદની નકલ મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૫૧ હેઠળ આંક – ૧૫ થી પ્લી (સ્ટેટમેન્ટ) રેકર્ડ કરેલ જેમાં આરોપીએ તેમના વિરૂદ્ધના ગુન્હાનો ઈન્કાર કરેલ છે. આથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩). ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી –ઈરફાનભાઈ રહેમાનભાઈ મુગલનું સરતપાસનું સોગંદનામું | ૦૫ |

**<u>દસ્તાવેજી પુરાવા:–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ આપેલ વાદવાળો ચેક નં. ૧૬૦૩૮૧ | ૨૪ |
| ૨. | ચેક રીટર્નમેમો | ૨૫ |
| ૩. | ચેક રીટર્નમેમો | ૨૬ |
| ૪. | ચેક રીટર્નમેમો | ૨૭ |
| ૫. | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત | ૨૮ |
| ૬. | સદરહું નોટીસ રજી. એડી.થી કર્યાની પહોંચ | ૨૯ |
| ૭. | આરોપીને મોકલેલ નોટીસ નહી સ્વીકારતા પોસ્ટ ખાતાના રીફયુઝના શેરા સાથે પરત આવેલ કવર | ૩૦ |
| ૮. | આરોપીને મોકલેલ નોટીસનું અસલ કવર પરત આવેલ છે તે અંગેનું પોસ્ટ ખાતાનું ટ્રેક રેકર્ડની સ્થળપ્રત | ૩૧ |

(૪). હાલના કામે આરોપીપક્ષને અનેક તક આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદીની ઉલટતપાસ માટે હાજર રહેલ ન હોય તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ આંક – ૨૦ લગત હુકમ કરી આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. જયારે ફરીયાદપક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવી આંક – ૩૬ થી તા. ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ફરીયાદીના વકીલશ્રીની

સહીથી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ હોય ફરીયાદીપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ હાલનું કામ આરોપીના વિશેષ નિવેદન પર રાખવામાં આવેલ પરંતુ વિશેષ નિવેદન માટે આરોપીને તક આપવામાં આવેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય તા. ૨૭/૦૧/૨૦૨૬ નારોજ આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ દલીલ પર રાખવામાં આવેલ.

## (૫). ફરિયાદ પક્ષે દલીલ :–

હાલના કામે ફરીયાદપક્ષ તરફે તેમના વિ.વ.શ્રીનાઓએ દ્વારા રેકર્ડ મુજબની મૌખિક દલીલ રજુ કરવામાં આવેલ છે જેમા જણાવેલ છે કે, આ કામના આરોપીએ પોતાના ધંધાની જરૂરીયાત માટે ફરીયાદી પાસેથી હાથ ઉછીની રકમ રૂા. ૫,૩૭,૫૦૦/– પુરા લીધેલ જે રકમની ઉઘરાણી ફરીયાદીએ કરતા આરોપીએ ફરીયાદીને તા. ૦૬/૧૨/૨૦૨૧ ના રોજ ચેક નં. ૦૫૨૪૨૨ નો રૂા.૫,૩૭,૫૦૦/–નો આપેલ જે ચેક અનુક્રમે તા. ૦૭/૧૨/૨૦૨૧, તા. ૧૨/૦૧/૨૦૨૨ તથા તા. ૦૪/૦૨/૨૦૨૨ ના રોજ ત્રણ વખત ફંડ ઇનસફીશીયન્ટના શેરા સાથે પરત થયેલ. ત્યારબાદ આરોપીને તા. ૦૮/૦૨/૨૦૨ ના રોજ એડવોકેટ મારફતે નોટીસ આપેલ જે નોટીસ આરોપીએ નહી સ્વીકારતા નોટીસ કવર રીફ્યુઝના શેરા સાથે તા. ૧૪/૦૨/૨૦૨૨ ના રોજ પરત આવેલ. આમ આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવેલ નથી જેથી હાલની ફરીયાદ દાખલ કરેલ છે. હાલના કેસમાં આરોપીને નોટીસનો બજવણી થતા તેઓ વકીલશ્રી મારફત હાજર રહેલ અને તેમની પ્લી નોંધવામાં આવેલ ત્યારબાદ આરોપી જાતે હાજર રહેલ નથી કે તેમના વકીલશ્રી પણ હાજર રહેલ નથી. અદાલત દ્વારા આરોપીને ઘણી તકો આપેલ હોવા છતાં આરોપી હાજર રહેતા ન હોવાથી **Sharad Jethalal Savla Vs. State of Gujarat and Ors. – reported as 2017 eGLR_HC 10006044 ના** ચુકાદા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે.

(૫.૧). આરોપીપક્ષ તર્ફે આરોપી જાતે કે તેમના વિ.વકીલશ્રી હાજર

રહેલ નથી કે તેમના બચાવમાં કોઈ રજુઆત પણ કરેલ નથી.

(૬). આ કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના ધંધાની જરૂરીયાત માટે ફરીયાદી પાસેથી હાથ ઉછીની રકમ રૂા. ૫,૩૭,૫૦૦/- પુરા લીધેલ જે રકમની ઉઘરાણી ફરીયાદીએ કરતા આરોપીએ ફરીયાદીને તા. ૦૬/૧૨/૨૦૨૧ ના રોજ ચેક નં. ૦૫૨૪૨૨ નો રૂા.૫,૩૭,૫૦૦/-નો આપેલ જે ચેક અનુક્રમે તા. ૦૭/૧૨/૨૦૨૧, તા. ૧૨/૦૧/૨૦૨૨ તથા તા. ૦૪/૦૨/૨૦૨૨ ના રોજ ત્રણ વખત ફંડ ઈનસફીશીયન્ટના શેરા સાથે પરત થયેલ. ત્યારબાદ આરોપીને તા. ૦૮/૦૨/૨૦૨ ના રોજ એડવોકેટ મારફતે નોટીસ આપેલ જે નોટીસ આરોપીએ નહી સ્વીકારતા નોટીસ કવર રીફ્યુઝના શેરા સાથે તા. ૧૪/૦૨/૨૦૨૨ ના રોજ પરત આવેલ. આમ આરોપીએ ફરીયાદીને સદરહુ ચેકની રકમ દિન-૧૫ માં પરત નહિ આપી અને તેમ કરીને આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે ?

2. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્ધાઓ પરત્વેનાં નિર્ણય નીચે મુજબ છે :-

૧. હકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

(૮) **-: નિર્ણયનાં કારણો:-**

**મુદા નં. ૧ :-**

(૮.૧) હાલના કેસ ઉભય પક્ષે રજુ રાખેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા વટાઉખત અધિનિયમની કલમ-૧૩૮ અન્વયેનો ગુનો આરોપી

વિરુદ્ધ સાબિત કરવા માટે ફરીયાદીએ પુરવાર કરવાના નીચે મુજબના આવશ્યક તત્વો વંચાણે લેવા જરૂરી બને છે.

(1) આરોપીએ પોતે ધારણ કરતા બેંક ખાતાનો ચેક ઈસ્યુ કરેલ હોવો જોઇએ.

(II) ચેક ફરીયાદીની તરફેણમાં કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હોવો જોઈએ.

(III) ચેક તેની નિયત અવધિ દરમ્યાન બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(III) ચેક તેની નિયત અવધિ દરમ્યાન બેકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(Iv) ચેક બેંક દ્વારા નિયમોનુસારના શેરા સાથે વણચુકવ્યે પરત થયેલ હોવો જોઈએ. દા.ત. ફંડ ઈનસફીશીઅન્ટ, એરેન્જમેન્ટ એક્સીડેડ, સ્ટોપ પેમેન્ટ વિ.

(v) બેંક દ્વારા ચેક પરત ફરેલાની જાણ થયેથી દિન-૩૦ માં ફરીયાદીએ ચેકના નાણાંની માંગણી કરતી નોટીશ આરોપીને કરેલી હોવી જોઈએ.

(vi) નોટીશ આરોપીને કાયદેસર રીતે બજી ગયાથી ૧૫ દિવસ સુધીમાં આરોપી ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(vII) કલમ-૧૪૨ મુજબ કોઝ ઓફ એક્શન ઉભા થયાના એક મહિનાની અંદર ફરીયાદ દાખલ થયેલ હોવી જોઇએ.

**(૮.૨)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૧૮ તથા ૧૩૯ વંચાણે લેતા એમ સ્પષ્ટ થાય છે કે, જો આરોપીએ ચેક ઈશ્યુ કરેલાનુ અને ચેકમાંની સહી તેની હોવાનુ ફરીયાદી પુરવાર કરે તેવા સંજોગોમાં અદાલતે ફરીયાદીની તરફેણમાં કેટલાક પુર્વાનુમાનો કરવાના રહે છે. જો કે સદર પુર્વાનુમાનો તે કોઈ નિર્ણાયક પુરાવો નથી પરંતુ તે પુર્વાનુમાનોનુ યોગ્ય, વ્યાજબી પુરાવાઓ તથા ખૂલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા માટે સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કાયદાનો કોઈ નિયમ નથી, આરોપી ફરીયાદીની ઉલટતપાસ તથા રેકર્ડ ઉપરના પુરાવાથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે. હાલના ચુકાદામાં સગવડતા

ખાતર ધી નેગોશયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૧૮ તથા ૧૩૯ નીચે મુજબ રજુ કરવામાં આવેલ છે.

> *118. Presumptions as to negotiable instruments - Until the contrary is proved, the following presumptions shall be made:-*
> *(a) of consideration- that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument,when it has been accepted, endorsed, negotiated or transferred,was accepted, endorsed, negotiated or transferred forconsideration;*
> *(b) as to date- that every negotiable instrument bearing a date was made or drawn on such date;*
> *(c) as to time of acceptance- that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;*
> *(d) as to time of transfer- that every transfer of a negotiable instrument was made before its maturity;*
> *(e) as to order of endorsements - that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;*
> *(f) as to stamp- that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;*
> *(g) that holder is a holder in due course-that the holder of a negotiable instrument is a holder in due course:*
> *Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.*
> *139. Presumption in favour of holder- It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.*

(૮.૩) ઉપરોક્ત જોગવાઈઓના સંદર્ભમાં હાલના કેસમાં રેકર્ડ ઉપર આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, વટાઉ ખત અધિનિયમની કલમ–૧૩૮ અન્વયેના કેસોમાં સાબિતીનો બોજો ફરીયાદી કરતા આરોપી ના શીરે વધુ બને છે કારણ કે કાયદા દ્વારા પુર્વાનુમાનો ફરીયાદીની તરફેણ માં મુકવામાં આવેલ છે. વટાઉ ખત અધિનિયમની કલમ–૧૧૮ તથા ૧૩૯ માં મુખ્ય પુર્વાનુમાનોની જોગવાઈ છે. જો કે સદર પુર્વાનુમાનો આરોપી દ્વારા વાજબી ખુલાસા અને પુરાવા રેકર્ડ ઉપર રજુ કરી, પ્રીપોડરન્સ ઓફ પ્રોબેબીલીટી પોતાની તરફેણમાં લાવી ખંડન કરી શકાય તે પ્રકારના છે. નામદાર સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદા દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપીએ પુર્વાનુમાનોનુ ખંડન કરવા માટે વિટનેક્ષ બોક્સમાં આવી જુબાની આપવી જરુરી નથી, પરંતુ તે ફરીયાદી તથા ફરીયાદીના સાહેદોની ઉલટ તપાસ દ્વારા અથવા કેસની મહત્વની હકીકતો અને

સંજોગો રેકર્ડ ઉપર લાવી સદર પુર્વાનુમાનોનુ ખંડન કરી શકે છે. વટાઉખત અધિનયમની કલમ–૧૩૮ અન્વયેના કેસોમાં ફરીયાદીએ આરોપી વિરુદ્ધ નો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે, જ્યારે આરોપીએ ફક્ત પ્રીપોડરન્સ ઓફ પ્રોબેબીલીટી ઉત્પન કરવાની જરુર રહે છે.

(૮.૪) વધુમાં, જયારે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ અન્વયેની ફરીયાદ કરવામાં આવેલ હોય ત્યારે ફરીયાદી ઉપર પોતાનું કાયદેસરનું લેણું સાબીત કરવા માટે અતિશય જવાબદારી નાખવામાં આવતી નથી. જે અનુસંધાને નામ.સર્વોચ્ચ અદાલત દ્વારા CRIMINAL APPELLATE JURISDICTION, Crl.Appeal No./2019 SLP 3858/2019 in the case of Pavan Dilipro Dike Vs.Vishal NarendraBhai મા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લીધો. જેમા નામ.સર્વોચ્ચ અદાલત દ્વારા એવુ ઠરાવેલ છે કે, ''....we do not agree with the submission of the learned counsel. We are of the opinion that the High Court has rightly reversed the order of acquittal passed by the trial court wherein the presumption under Section 138 has not been taken into account. **The trial court committed an error in placing heavy burden on the complainant to prove the debt."** જે સિધ્ધાંત આધારીત હાલના કેસની પ્રક્રિયા આગળ વધારવામાં આવેલી.

**(૮.૫).** આમ, સૌપ્રથમ જયારે ફરીયાદી દ્વારા હાલનો કેસ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ તથા ૧૪૨ અન્વયે દાખલ કરવામાં આવેલ છે જે મુજબની મુદા નં. ૨ પરત્વેની મહત્વની વિગતો નીચે મુજબ છે.

ચેકની રકમ :-૫,૩૭,૫૦૦/-

ચેક નં.:- ૦૫૨૪૨૨

ચેક ની તારીખ :- ૦૬/૧૨/૨૦૨૧

ચેક પ્રથમ વખત બેંકમાં જમા કર્યા તારીખ:- ૦૬/૧૨/૨૦૨૧

ચેક પ્રથમ વખત પરત ફર્યા તારીખ:-૭/૧૨/૨૦૨૧

ચેક પ્રથમ પરત ફરવાનું કારણ:- ફંડ ઇનસફીશીયન્ટ

ચેક બીજી વખત બેંકમાં જમા કર્યા તારીખ:- ૧૧/૦૧/૨૦૨૨

ચેક બીજી વખત પરત ફર્યા તારીખ:-૧૨/૦૧/૨૦૨૨

ચેક બીજી વખત પરત ફરવાનું કારણ:- ફંડ ઇનસફીશીયન્ટ

ચેક ત્રીજી વખત બેંકમાં જમા કર્યા તારીખ:-૦૩/૦૨/૨૦૨૨

ચેક ત્રીજી વખત પરત ફર્યા તારીખ:-૦૪/૦૨/૨૦૨૨

ચેક ત્રીજી વખત પરત ફરવાનું કારણ:- ફંડ ઇનસફીશીયન્ટ

ફરીયાદીએ કરેલ નોટીસની તારીખ:- ૦૮/૦૨/૨૦૨૨

નોટીસ આરોપીએ નહી સ્વીકાર્યા તારીખ:-૧૪/૦૨/૨૦૨૨

ફરીયાદ દાખલ કર્યા તારીખ:- ૦૯/૦૩/૨૦૨૨

આમ, ઉપરોકત તારીખો મુજબ ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ નિયત મુદતમાં દાખલ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે.

**(૮.૬).** ઉપરોક્ત સિદ્ધાંત ધ્યાનમાં રાખી, અત્રેની અદાલત દ્વારા હાલના કેસમાં રેકર્ડ ઉપરના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે. વટાઉ ખત અધિનિયમની આવશ્યક જોગવાઇના સંદર્ભે,ખાસ કરીને આંક – ૨૪ વાળો તકરારી ચેક કાયદેસરના દેવાની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને આપેલ છે કે કેમ તે બાબત ચકાસવી ખુબ જરુરી બને છે.જો કે કલમ–૧૩૯ મુજબ તકરારી ચેક કાયદેસરના દેવાની ચુકવણી પેટે જ આરોપીએ આપેલ હોવાનુ પુર્વાનુમાન અદાલતે ફરીયાદીની તરફેણમાં કરવાનુ રહે છે. હવે, સદર પુર્વાનુમાનનુ ખંડન આરોપી પક્ષે કરવામાં આવેલ છે કે કેમ તે ચકાસવુ ખાસ જરુરી બને છે. આ કામે ફરીયાદી ઇરફાનભાઇ રહેમાનભાઇ મુગલનું આંક–૦૫ થી વટાઉ ખત અધિનિયમની કલમ–૧૪૫ અન્વયે લેખિત સરતપાસ રજુ રાખેલ છે જેમાં ફરીયાદ મુજબની

હકીકતો દોહરાવેલી હોય, અત્રે પુનરાવર્તન કરેલ નથી. ફરીયાદીએ આંક – ૦૫ થી રજુ કરેલ સરતપાસના એફીડેવીટ અંગે આરોપી તર્ફે વિ.વકીલશ્રીને ફરીયાદીની ઉલટતપાસ માટે પુરતો સમય આપવા છતા ફરીયાદીની ઉલટતપાસ ન કરતા તેમનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.આમ, ફરીયાદીએ આંક – ૦૫ ની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તેનાથી વિરૂદ્ધની કોઈ હકીકત રેકડ ઉપર લાવવામાં અને તેને પુરવાર કરવામાં બચાવપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલ છે તેમજ સદરહુ કેસના કામે ફરીયાદી તર્ફે રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઈ ખંડનાત્મક પુરાવો સદરહુ કેસના કામે રેકડ ઉપર લાવવામાં અને તેને પુરવાર કરવામાં બચાવપ સંપૂણપણે નિષ્ફળ નીવડેલ છે.

(૮.૭) ફરીયાદીએ આંક–૨૪ થી આ કામના આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદવાળો ચેક અસલ રજુ કરેલ છે . ઉપરોકત ચેક જોવામાં આવે તો તે ચેકમાં આ કામના આરોપીની સહી છે .

(૮.૮) ત્યારબાદ ફરીયાદીએ આંક–૨૫,આંક – ૨૬ તથા આંક – ૨૭ થી ફરીયાદવાળો આંક–૨૪ વાળો ચેક રીટન થયા અંગેનો રીટર્નમેમો અસલ રજુ કરેલ છે. ઉપરોકત રીર્ટનમેમોમા ફરીયાદવાળો ચેક " Funds Insufficient " ના કારણે પરત ફરેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદીએ આંક–૨૫,આંક – ૨૬ તથા આંક – ૨૭ થી રજુ કરેલ રીર્ટનમેમોથી ફરીયાદવાળો ચેક" Funds Insufficient " ના કારણે પરત ફરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે અને નિ:શંકપણે પુરવાર થાય છે .

(૮.૯). ત્યારબાદ ફરીયાદીએ આંક–૨૮ થી આ કામના આરોપીને તેમના વિ.વકીલશ્રી મારફતે ડીમાન્ડ નોટીસ મોકલાવેલ તે નોટીસની ઓફીસ કોપી રજુ કરેલ છે તથા ઉપરોકત ડીમાન્ડ નોટીસ આરોપીને રજી. એડી.મારફત મોકલ્યા અંગેની પોસ્ટ વિન્ડો સલીપ, સદર

નોટીસ આરોપીએ નહી સ્વીકારતા પરત આવેલ કવર, નોટીસ કવર પરત આવેલ છે તે અંગેનું પોસ્ટ ખાતાના ટ્રેક રેકર્ડની સ્થળપ્રત રજુ કરેલ છે. ફરીયાદીએ આંક–૨૮ થી આ કામના આરોપીને તેમના વકીલશ્રી મારફતે મોકલાવેલ ડીમાન્ડ નોટીસથી પણ આ કામના આરોપીએ ફરીયાદીને ફરીયાદવાળો ચેક આપેલ હોવાની હકીકત અને તે ફરીયાદવાળો ચેક " Funds Insufficient " ના શેરા સાથે પરત ફરેલ હોવાની હકીકત નિ:શકપણે પુરવાર થાય છે.

**પક્ષકારો તફ રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન :–**

(૯). સદરહુ કેસના કામે ફરીયાદીની આંક–૦પ ની જુબાનીથી આ કામના ફરીયાદીએ તહોમતદારને ધંધાની જરૂરીયાત માટે તા. ૨૭/૧૧/૨૦૨૧ ના રોજ હાથ ઉછીની રકમ રૂા.પ,૩૭,પ૦૦/– પુરા એક માસની મુદત માટે આપેલ. ત્યારબાદ મુદત વિત્યે ફરીયાદીએ હાથ ઉછીની રકમની ઉઘરાણી કરતા તહોમતદારે તા. ૦૬/૧૨/૨૦૨૧ ના રોજનો રૂા. પ,૩૭,પ૦૦/–નો ચેક નં. ૦પ૨૪૨૨ નો સહી કરી આપેલ હોવાની અને ફરીયાદીએ ઉપરોકત ફરીયાદવાળો ચેક તેમના ખાતામાં ચુકવણી માટે રજુ કરતા ફરીયાદવાળો ચેક ત્રણ વખત " Funds Insufficient " ના શેરા સાથે પરત ફરેલ હોવાની હકીકત નિ:શકપણે પુરવાર કરવામાં ફરીયાદી સંપૂર્ણપણે સફળ નીવડેલ છે.ફરીયાદીએ આંક–૦પ થી રજુ કરેલ સરતપાસના એફીડેવીટ અંગે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીને ફરીયાદીની ઉલટતપાસ માટે પુરતો સમય આપવા છતા ફરીયાદીની ઉલટતપાસ ન કરતા તેમનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

આમ, ફરીયાદીએ આંક–૦પ ની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તેનાથી વિરૂદ્ધની કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં અને તેને પુરવાર કરવામાં બચાવપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલ છે તેમજ સદરહુ કેસના કામે ફરીયાદી તર્ફે રજુ કરવામા આવેલ મૌખિક પુરાવાનું ખંડન કરતો કોઈ ખંડનાત્મક પુરાવો સદરહુ કેસના કામે રેકર્ડ ઉપર

લાવવામાં અને તેને પુરવાર કરવામાં બચાવપ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલ છે .

**(૧૦).** ફરીયાદીએ આંક – ર૪ થી આંક – ૩૧ સુધીના જે દસ્તાવેજો રજુ કરેલ છે તે દસ્તાવેજી પુરાવાઓ પણ ફરીયાદીએ રજુ કરેલ મૌખિક પુરાવાનું સંપૂર્ણપણે સમર્થન કરે છે. ફરીયાદીએ રજુ કરેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓથી વિરૂદ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવામાં અને તેને પુરવાર કરવામાં બચાવપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલ છે તેમજ સદરહુ કેસના કામે ફરીયાદી તર્ફે રજુ કરવામા આવેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓનું ખંડન કરતો કોઈ ખંડનાત્મક પુરાવો પણ સદરહુ કેસના કામે રેકર્ડ ઉપર લાવવામાં અને તેને પુરવાર કરવામાં બચાવપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલ છે.

**(૧૧).** વધુમાં આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ કરતા અગાઉ આરોપીને ફરીયાદવાળા ચેક રીર્ટન થયા અંગે આંક–ર૮ થી જે ડીમાન્ડ નોટીસ આપેલ તે નોટીસ આરોપીએ નહી સ્વીકારતા રીફ્યુઝના શેરા સાથે નોટીસ કવર પરત ફરેલ છે. આરોપીએ ફરીયાદીની આંક–ર૮ વાળી ડીમાન્ડ નોટીસ અંગે કોઈ જવાબ ફરીયાદીને આપેલ નથી કે તે અંગેનો કોઈ **દસ્તાવેજી પુરાવો પણ આ કામે રજુ કરેલ નથી. આમ, આરોપીએ ફરીયાદીની કાયદેસરની ડીમાન્ડ નોટીસ અંગે તેમનો જવાબ રજુ ન હોઈ આરોપીએ નોટીસમાં જણાવેલ હકીકતોને કબુલ રાખેલ છે.** આ તબકકે નામદાર સવોચ્ચ અદાલતે **S.P.Mani And Mohan Dairy Vs. Snehalatha Elangovan - reported as AIR 2022 SC 4883** ના કેસમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે જે નીચે મુજબ છે :–

નામદાર સર્વોચ્ચ અદાલતે **S.P.Mani And Mohan Dairy Vs.Snehalatha Elangovan (Supra)** ના કેસમાં પેરા–૪૪ અને ૪પ મા પ્રસ્થાપિત કરેલ છે કે,

" 44. We may also examine this appeal from adifferent angle. It is not in dispute, as noted

above, that no reply was given by the respondent to the statutory notice served upon her by the appellant. In the proceedings of the present type, it is essential for the person to whom statutory notice is issued under Section 138 of the NI Act to give an appropriate reply. The person concerned is expected to clarify his or her stance.If the person concerned has some unimpeachable and incontrovertible material to establish that he or she has no role to play in the affairs of the company/firm, then such material should be highlighted in the reply to the notice as a foundation. If any such foundation is laid, the picture would be more clear before the eyes of the complainant. The complainant would come to know as to why the person to whom he has issued notice says that he is not responsible for the dishonour of the cheque. Had the respondent herein given appropriate reply highlighting whatever she has sought to highlight before us then probably the complainant would have undertaken further enquiry and would have tried to find out what was the legal status of the firm on the date of the commission of the offence and what was the status of the respondent in the firm. The object of notice before the filing of the complaint is not just to give a chance to the drawer of the cheque to rectify his omission to make his stance clear so far as his liability under Section 138 of the NI Act is concerned. 45. Once the necessary averments are made in the statutory notice issued by the complainant in regard to the vicarious liability of the partners and upon receipt of such notice, if the partner keeps quiet and does

not say anything in reply to the same, then the complainant has all the reasons to believe that what he has stated in the notice has been accepted by the noticee. In such circumstances what more is expected of tthe complainant to say in the complaint. "

(૧૨). વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે **Bir Singh Vs. Mukesh Kumar - reported as AIR 2019 SC 2446** ના કેસમાં પેરા નં.૨૩, ૩૬, ૩૭ અને ૩૮ માં અને **T.P. Murugan (Dead) Thr. Lrs. Vs. Bojan - reported as AIR 2018 SC 3601** ના કેસમાં પેરા નં.૮ અને ૯ મા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પણ ધ્યાને લેવો જરૂરી છે જે નીચે મુજબ છે :-

નામદાર સર્વોચ્ચ અદાલતે **Bir Singh Vs. Mukesh Kumar (Supra)** ના કેસમાં પેરા નં.૨૩, ૩૬, ૩૭ અને ૩૮ માં ઠરાવેલ છે કે :-

" 23. Section 139 introduces an exception to the general rule as to the burden of proof and shifts the onus on the accused. The presumption under Section 139 of the NegotiableInstruments Act is a presumption of law, as distinguished from presumption of facts. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, which requires the prosecution to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may bedischarged with the help of presumptions of law and presumptions of fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact as held in Hiten P. Dalal(supra).

36. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has

been issued in discharge of a debtor liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.

37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and make sit over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence. "

વધુમાં નામદાર સવોચ્ચ અદાલતે T.P. Murugan (Dead) Thr. Lrs. Vs. Bojan (Supra) ના કેસમાં પેરા–૮ અને ૯ મા પ્રસ્થાપિત કરેલ છે કે,

" 8. We have heard Senior Counsel for both parties, and perused the record. UnderSection 139 of the N.I. Act, once a cheque has been signed and issued in favour of the holder, there is statutory presumption that it is issued in discharge of a legally enforceable debt or liability. This presumption is a rebuttable one, if the issuer of the cheque is able to discharge the burden that it was issued for some other purpose like security for a

loan. In the present case, the respondent has failed to produce any credible evidence to rebut the statutory presumption. This would be evident from the following circumstances:-

(i) The respondent-accused issued a Pronote for the amount covered by the cheques, which clearly states that it was being issued for a loan;

(ii) The defence of the respondent that he had allegedly issued 10 blank cheques in 1995 for repayment of a loan, has been disbelieved both by the Trial Court and Sessions Court, on the ground that the respondent did not ask for return of the cheques for a period of seven years from 1995. This defence was obviously a cover-up, and lacked credibility, and hence was rightly discarded.

(iii) The letter dated 09.11.2002 was addressed by the respondent after he had issued two cheques on 07.08.2002 for Rs.37,00,000/- and Rs.14,00,000 knowing fully well that he did not have sufficient funds in his account. The letter dated 09.11.2002 was an after-thought, and was written to evade liability. This defence also lacked credibility, as the appellants had never asked for return of the alleged cheques for seven years.

(iv) The defence of the respondent that the Pronote dated 07.08.2002 signed by him, was allegedly filled by one Mahesh-DW.2, an employee of N.R.R. Finances, was rejected as being false. DW.2 himself admitted in his cross- examination, that he did not file any document to prove that he was employed in N.R.R. Finances. On the contrary, the appellants -complainants produced PW.2 and PW.4, Directors of N.R.R. Finances Investment Pvt. Ltd., and PW.3, a Member of N.R.R. Chit funds, who deposed that DW.2 was never employed in N.R.R. Finances.

9. The appellants have proved their case by overwhelming evidence to establish that the two cheques were issued towards the discharge of an existing liability and legally enforceable debt. The respondent having admitted that the cheques and Pronote were signed by him, the presumption under S.139 wouldoperate. The respondent failed to rebut the presumption by adducing any cogent or credible evidence. Hence, his defence is rejected."

(૧૩). આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે **Bir Singh Vs. Mukesh Kumar – (Supra)** અને **T.P. Murugan (Dead) Thr. Lrs. Vs. Bojan – (Supra)** તથા **S.P.Mani And Mohan Dairy Vs. Snehalatha Elangovan (Supra)** ચુકાદાઓમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તથા ફરીયાદી તરફથી રજુ થયેલ તમામ પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરતા આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદી સફળ નીવડેલ છે. વધુમાં હાલના કેસની સમગ્ર હકીકત અને હાલના કેસના સંજોગો અને હાલના કેસમાં ફરીયાદી તર્ફે રજુ કરવામા આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતા ફરીયાદીએ તેમની ફરીયાદમા જણાવેલ વિગતો અને હકીકતોને નિ:શકપણે પુરવાર કરેલ હોઈ અને ફરીયાદીએ રજુ કરેલ પુરાવાઓનું ખંડન કરતો ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં કે તેને પુરવાર કરવામા કે કોઈ આધારભૂત પ્રોબેબલ ડીફેન્સ હાલના કેસના રેકર્ડ ઉપર લાવવામાં તેમજ આરોપી તેમનો પુરાવાનો બોજો ડીસ્ચાર્જ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલ છે.

(૧૪). વધુમાં મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ ધી ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે અને **Varkey V/S State, (1989 CrLJ 2357)** ના

ચુકાદામા નામદાર વડી અદાલત દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, મેજીસ્ટ્રેટ દ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે સજા અંગે આરોપીને સાંભળવાની જરૂર નથી, અને હાલનો હાથ ઉપરનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસ હોવાથી આરોપીને સજા અંગે સાંભળવામાં આવેલ નથી. આરોપીને તકસીરવાન ઠરાવતાં પહેલા તેઓને સજા માટે સાંભળવા જરૂરી નથી તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે સદર કેસ સમન્સ ટ્રાયેબલની રીતે ચલાવવામાં આવેલ છે અને સમન્સ ટ્રાયેબલ કેસમાં આરોપીને સજા માટે સાંભળવાની કોઈ જોગવાઈ નથી.

**(૧૫).** હાલના કેસના કામે આરોપીની પ્લી (જવાબ) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૧ થી સમન્સ ટ્રાયબલ કેસના ફોર્મના સ્વરૂપે લેવામાં આવે છે. તેમજ અત્રેની અદાલત તરફથી આ કામના ફરીયાદીની સરતપાસ સોગંદનામા સ્વરૂપે નોંધવામાં આવેલ છે અને આરોપીને પુરતો સમય આપેલ હોવા છતાં તેઓ હાજર રહેલ નથી કે ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી. આમ, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહીતાના પ્રકરણ–૨૦ અન્વયે સમન્સ ટ્રાયબલ રીતે ચાલે છે. હવે ધી નેગો.ની કલમ–૧૩૮ મા સજા અંગેની જોગવાઈ જોવામાં આવે તો આરોપીને તકસીરવાન ઠરેથી બે વર્ષ સુધીની સજા અથવા ચેકની બમણી રકમ સુધીનો દંડ અથવા બન્ને સાથે એટલે કે સજા અને દંડ સાથેની સજાની જોગવાઈ કરવામાં આવી છે વધુમાં હાલના આરોપી સામે આર્થીક પ્રકારનો ગુનો આચરવાનો આક્ષેપ હોઈ અને જેને ફરીયાદપક્ષે સાબીત કરેલ હોઈ અને જેના કારણે ફરીયાદીને પણ આર્થીક નુકસાન થયેલ હોઈ જેથી ફરીયાદીને થયેલ નાણાની નુકસાન પેટે ચેકની રકમ જેટલુ વળતર ફરીયાદીને આપવાનો હુકમ કરવામાં આવે તો તેને ન્યાયી અને વ્યાજબી ઠરશે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે *SUGANTHI SURESKUMA V/S JAJIDAASHAN, 2002 (2) SCC PAGE 420* ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૫૭(૩) હેઠળ વળતર ચુકવવાનો

આદેશ કરવામા આવેલ હોઈ ત્યારે વળતર ચુકવવામાં થયેલ કસુર બદલ સજા થઈ શકે છે.

**(૧૬).** હાલનો કેસ આજરોજ જજમેન્ટ જાહેર કરવાના સ્ટેજ ઉપર પેન્ડીંગ છે. આ કામના આરોપીનો વારંવાર પોકાર કરવા છતાં આરોપી હાજર રહેલ નથી. વધુમાં હાલના કેસનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો હાલના આરોપીની વર્તણુંક આ તબક્કે ધ્યાને લેવી જરૂરી જણાય છે. જે જોવામાં આવે આરોપીની આક્ષેપિત ગુન્હા અંગેની પ્લી(જવાબ) તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ લેવામાં આવેલ છે. ત્યારબાદથી આરોપી અદાલત સમક્ષ નિયમીત હાજર રહેલ નથી. જેથી આરોપી વિરૂધ્ધ પકડ વોરંટ કાઢવાની પણ અદાલતને ફરજ પડેલી. આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ રેકર્ડ ધ્યાને લેતાં આ કામના આરોપીને તેમની સામેના હાલના કેસની પ્રોસેડીંગની તમામ જાણ હોવા છતાં આરોપી જાણી જોઇને અદાલત સમક્ષ હાજર થયેલ નથી તેવુ આ અદાલતનુ દ્રઢપણે માનવુ છે. આમ, આરોપીની ગેરહાજરીને કારણે કેસની ન્યાયિક કાર્યવાહી વિલંબમાં મુકાયેલ છે. જેથી, હવે પ્રશ્નએ ઉપસ્થિત થાય છે કે શું આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવતો ચુકાદો જાહેર કરી શકાય કે કેમ? તે અંગે આ તબક્કે ચર્ચા કરવી જરૂરી છે અને તે અંગે ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૩૫૩(૭) માં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

*(7) No judgment delivered by any Criminal Court shall be deemed to be invalid by reason only of the absence of any party or his pleader on the day or from the place notified for the delivery thereof, or of any omission to serve, or defect in serving, on the parties or their pleaders, or any of them,the notice of such day and place.*

**(૧૭).** આમ, હાલના કેસની વાત કરવામાં આવે તો ઉપર નોંધ્યુ તેમ આ કામના આરોપી ઈરાદાપુર્વક અદાલત સમક્ષ હાજર રહેલ ન હોઈ અને આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકાય કે કેમ તે અંગે આ તબક્કે નામ. ગુજરાત વડી અદાલતે **Sharad Jethalal Savla Vs. State of Gujarat,**

**2016(0) AIJEL-HC 236849** ઉપર પ્રસિધ્ધ ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે. સદરહું ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે આરોપીને તકસીરવાન ઠરાવતો ચુકાદો તેની ગેરહાજરીમાં આપી શકાય છે, તેમજ આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૧૮(૨) અન્વયે સજા ભોગવવા માટે વોરંટ કાઢી શકાય. આમ, સદરહું ચુકાદામાં કરેલ ચર્ચા અને કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીની ગેરહાજરીમાં આજરોજ જજમેન્ટ જાહેર કરવુ યોગ્ય અને ઉચીત માનુ છુ .

**(૧૮).** અત્રે એ હકીકત નોંધનીય છે કે આ કામના આરોપી આજરોજ જજમેન્ટ જાહેર કરવાના દિવસે હાજર રહેલ ન હોઈ જેથી આરોપી અધિકારની રૂએ હાલના કેસના ચુકાદાની નકલ વિના મુલ્યે મેળવવા હક્કદાર રહેતા નથી અને તે અંગે તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલતે **RAJESH PONNADA VS. SATYANARAYANA SRIRANGAM & ANR., 2019(0) AIJEL-SC 64706** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં નીચે અવલોકન કરેલ છે,

> “Section 353(6) Cr.P.C. stipulates that on the date of judgment, the accused has to be present unless on earlier occasions his personal appearance has been dispensed with. Section 363(1) of the Code of Criminal Procedure provides that on being convicted, the accused is entitled to a copy of the judgment free of cost. Section 363(1) of Cr.P.C. entitling the accused for free copy of the judgment has to be read harmoniously with Section 353(6). The present petitioner having not appeared before the Court on the date of judgment cannot as of right seek for supply of the copy of the judgment.”
> “Section 353(6) Cr.P.C. stipulates that on the date of judgment, the accused has to be present unless on earlier occasions his personal appearance has been dispensed with. Section 363(1) of the Code of Criminal Procedure provides that on being convicted, the accused is entitled to a copy of the judgment free of cost. Section 363(1) of Cr.P.C. entitling the accused for free copy of the judgment has to be read harmoniously with Section 353(6). The present petitioner having not appeared before the Court on the date of judgment cannot as of right seek for supply of the copy of the judgment.

**(૧૯).** આમ ઉપરોક્ત ચુકાદામાં કરેલ નામ. સર્વોચ્ચ અદાલતે કરેલ

અવલોકન ધ્યાને લેતાં તેમજ કેસના સંજોગો જોતાં આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર હાજર રહેલ નથી. તેમજ આરોપીની ગેરહાજરી અંગે સંતોષકારક ખુલાસો પણ આરોપી તર્ફે કરવામાં આવેલ નથી. જેથી આ સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવતો ચુકાદો જાહેર કરવો ન્યાયી અને વાજબી માનુ છુ. આમ, ઉપરોકત તમામ સંજોગો તથા ફરીયાદ પક્ષની દલીલો લક્ષમાં લેતાં તેમજ સમાજમાં ચેકની વિશ્વસનીયતા વધે અને સામાન્ય લોકોની બેંક વ્યવહારમાં ચેકની વિશ્વસનીયતા ટકી રહે તેમજ સમાજમાં ચેકનો દુરૂપયોગ થતો અટકે તે માટે દાખલો બેસે તે હકીકતને ધ્યાનમાં રાખીને તેમજ ઉપરોકત તમામ હકીકતો, રજુઆતો તથા ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતોને ધ્યાનમાં રાખીને ફરીયાદીને આરોપીના કૃત્ય દ્વારા નુકશાન પણ થયેલ છે.

**(૨૦).** આમ ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદપક્ષનો સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની જોગવાઈઓ ધ્યાને લેતા ફરિયાદીના કાયદેસરના બાકી લેણા પેટે આરોપીએ તકરારી ચેક ફરિયાદીને આપેલ હોય જે ચેક ફરિયાદીએ પોતાના ખાતાવાળી બેંકમાં વસુલાત માટે જમા કરાવતા ચેક એકાઉન્ટ ફંડસ ઈનસફીશીયન્ટ શેરા સાથે વગર વસુલાતે પરત ફરેલ. જે હકીકતની ફરિયાદીને જાણ થતા ફરિયાદીએ નિયત સમયમાં આરોપીને નોટીસ આપેલી જે નોટીસની આરોપીને જાણ હોવા છતા આરોપીએ નિયત સમયમર્યાદામાં ફરિયાદીને નોટીસમાં જણાવ્યા મુજબના ચેકના નાણાં પરત કરેલ નથી તેવી હકીકત ફરિયાદ પક્ષ સાબિત કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં. ૧ નો જવાબ તે રીતે "હકારમાં" આપુ છુ.વધુમાં એન.આઈ.એકટ ની કલમ ૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન કરવામાં આરોપી પક્ષ નીષ્ફળ ગયેલાનુ રેકર્ડ પરથી ફલીત થાય છે. આરોપી પક્ષે સદર કાયદાકીય જોગવાઈ હેઠળ પોતાનો બચાવ સંભાવનાની પ્રબળતા (Preponderence of probability) ના સિધ્ધાંત મુજબ પુરવાર કરવાનો રહે છે. પરંતુ આરોપી પક્ષે ખંડનાત્મક હકીકતો રેકર્ડ પર લાવેલ નથી. આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આરોપી વૈદ્યાનીક

અનુમાનનું ખંડન કરવામાં નીષ્ફળ નીવડેલ હોય જેથી **મુદ્દા નંબર ૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧). આ કામના આરોપી નુરમહમદ અબ્દુલગફાર પઠાણ,તે સા/ઓ. અબ્દુલગફાર ઇબ્રાહીમ પઠાણ,ઉ.વ.આ.પુખ્ત, ધંધો– વેપાર,રહે.મુંબઇ, ઠે. વ્હાઇટ ગેસ્ટ હાઉસ, સેકન્ડ ફ્લોર, ૩૪/૩૬, જકરીયાશેરી,ભીસ્તી મહોલ્લા, મુંબઇનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઇસ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આરોપીએ તકરારી ચેકની રકમ રૂા.૫,૩૭,૫૦૦/– પુરા હાલનો હુકમ થયેથી દીન–૩૦ મા ફરીયાદીને વતળર તરીકે ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી આ વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩). જો વળતરની રકમ બાબતે કસુર થાય તો કસુર સામેનો અમલ મુખ્ય સજા વિત્યા બાદ શરૂ થયેલો ગણવાનો રહેશે.

(૪). આરોપી હાજર રહેલ ન હોય આરોપી વિરૂદ્ધ સજાની અમલવારી અર્થે **સી.આર.પી.સી.કલમ – ૪૧૮(૨) સાથે કલમ ૭૦** વંચાણે લેતા આરોપી વિરૂદ્ધ ધરપકડ વોરંટ ઇસ્યુ કરવુ.

(૫). આ કામના આરોપીએ સદરહ કેસના કામે જો અગાઉ કોઇ સજા ભોગવેલ હોય તો **ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ– ૪૨૮** મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ – ૧૮, માહે – માર્ચ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date : **18 -03-2026**

(**MR. H.J.VASAVDA**)
**4TH ADDL. SR. CIVIL JUDGE & A.C.J.M.**
**AT ,VERAVAL GIR SOMNATH**
**Judge Code GJ01386**

Visit **ecourts.gov.in** for updates or download mobile app “**eCourts Services**” from Android or Ios